**નીરજ ચોકસી**
**જિજ્ઞેશ દેસાઇ**
એન. જે. ઇન્વેસ્ટમેન્ટ

ટ્રસ્ટે ૨૦૧૨માં શૈક્ષણિક ક્ષેત્રે ૨૫૦ જેટલાં બાળકોને દત્તક લીધાં છે. આ બાળકો ભણીગણીને કમાતાં થાય, જીવનમાં સેટ થાય ત્યાં સુધી એન.જે. જવાબદારી લેશે

# બિઝનેસ એથિક્સ અને હ્યુમન વેલ્યુઝ



અર્થશાસ્ત્રના નિયમ મુજબ તો બજારમાં મૂડી/નાણાં ફરતા રહેવા જોઇએ. જો મૂડી ફરતી રહે તો પ્રગતિનું ચક્ર અટકે નહીં ને જેઓ અંગત રીતે પોતાની મૂડી વધારવા ઇચ્છે તેઓ પોતાની બચતનું રોકાણ કરે છે ને આમ તેમનું ટીપે ટીપે સરોવર ભરાય છે. પણ જો તમને કોઇ એમ કહે કે, 'તમારી બધી આવક રોકી લો, એ રોકાણના વળતરમાંથી વધુ કમાજો.' તમને થશે જીવનનિર્વાહનું શું? પણ હા, મૂડી ઇન્વેસ્ટરો આ પ્રમાણેની જ સલાહ આપે છે. થોડું સાહસ કરો ને આગળ વધો. આ જ પ્રમાણે મૂડી રોકાણમાં આપણે ત્યાં એન.જે. ઇન્વેસ્ટમેન્ટ નામે ઉદ્યોગ સાહસિક છે. એન.જે. ગ્રુપ સાથે નીરજભાઇ ચોકસી અને જિજ્ઞેશભાઇ દેસાઇ સંકળાયેલા છે. એમની કું.માં નાની મૂડીથી માંડીને કરોડો રૂપિયા સુધીનું રોકાણ કરી શકાય છે. અહીં કરેલા સ્માર્ટ રોકાણને કારણે તમે ફુગાવા કરતાં ન તો વધુ નાણાં જ કમાશો. કેમ કે, આ બિઝનેસ આખો વિશ્વાસ પર રચાયેલો છે. અહીં બિઝનેસ એથિક્સ છે, હ્યુમન વેલ્યુઝ છે.

એન.જે. ગ્રુપની શરૂઆત ૧૯૯૪માં થઇ હતી. નીરજભાઇ (જેઓ બિઝનેસ મેનેજમેન્ટ ક્ષેત્રે ભણ્યા હતા.) અને જિજ્ઞેશભાઇ (સિવિલ એન્જિનિયર ક્ષેત્રે ભણેલા) એ કરી હતી. આ બંને એન.જે. ઇન્ડિયા ઇન્વેસ્ટ પ્રાઇવેટ લિમિટેડના જોઇન્ટ મેનેજીંગ ડિરેક્ટર છે. સુરતમાં આવેલી આ કંપની છેલ્લાં બાવીસ વર્ષથી ફાઇનાન્સિયલ સર્વિસીઝ ઇન્ડસ્ટ્રીમાં અગ્રેસર છે. નીરજભાઇ અને જિજ્ઞેશભાઇ આણંદ પાસે આવેલા વલ્લભ વિદ્યાનગરમાં હોસ્ટેલમાં એક રૂમમાં સાથે રહેતા હતા. ત્યારથી કંઇ નવું કરવા ઇચ્છતા હતા એટલે તેમણે એન.જે. કેપિટા સ્ટોક્સ પ્રાઇવેટ ઇન્ડિયા લિમિટેડની સ્થાપના કરી હતી. આજે તેમનું મુખ્ય ઇન્વેસ્ટમેન્ટ મ્યુચ્યુઅલ ફંડમાં શોર્ટ ટર્મ, મિડિયમ ટર્મ, લોંગ ટર્મમાં છે. જેમાં હજાર રૂપિયાના રોકાણથી શરૂ કરી કરોડો રૂપિયાનું રોકાણ તમે કરી શકો છો. અહીં તમારા નાણાંનું રોકાણ પોર્ટફોલિયો મેનેજમેન્ટ સર્વિસીઝ, રીઅલ એસ્ટેટ, ટ્રેનિંગ, એજ્યુકેશન અને ઇન્સ્યોરન્સ બ્રોકિંગ ક્ષેત્રે થાય છે. આજે એન.જે. ગ્રુપની સમગ્ર દેશમાં સો જેટલા સ્થાને ઓફિસો છે. હવે તો ભારત ઉપરાંત મોરેશ્યસ અને દુબઇમાં પણ તેઓ કાર્યરત છે. જે એન.જે. ગ્લોબલ ડિવિઝનના નામે છે. આ ગ્રુપના ૧૪૦૦ કર્મચારીઓ છે. તેમના ઇન્વેસ્ટમેન્ટના વિચારને ફેલાવવા માટે ૩૦,૦૦૦થી વધુ એડવાઇઝર, એન.જે. પાર્ટનર્સ છે, ૨૧ લાખથી વધુ તેમના ગ્રાહકો છે અને ૬૦,૦૦૦ કરોડથી વધુની એસેટ્સ છે. આંકડાની માયાજાળ જોતાં જ સમજાય જાય છે કે, તેમનું કેટલું બહોળું ક્ષેત્ર છે.

વધુ જાણવા QR સ્કેન કરો

એન.જે. તરફથી ફાઇનાન્સ સર્વિસીઝમાં મ્યુચ્યુઅલ ફંડ, ઇન્સ્યોરન્સ, પીએમએસ, લોન, ઓફશોર, ડાયરેક્ટ ઇક્વીટીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત એન.જે. ગ્રુપે રીઅલ એસ્ટેટ, ઇન્ફોર્મેશન ટેકનોલોજી, શિક્ષણ, ઇન્ટીરીઅર, (મોડ્યુલર ફર્નિચરનો ધંધો), ઓર્ગેનિક ફૂડના ધંધામાં પણ ઝંપલાવ્યું છે. એન.જે.એ પોતાનું ચેરિટેબલ ટ્રસ્ટ પણ વિકસાવ્યું છે, જેમાં આ ટ્રસ્ટે ૨૦૧૨માં શૈક્ષણિક ક્ષેત્રે ૨૫૦ જેટલા બાળકોને દત્તક લીધા છે. આ બાળકો ભણીગણીને કમાતા થાય, જીવનમાં સેટ થાય ત્યાં સુધી એન.જે. જવાબદારી લેશે. આમ, એન.જે. ઇન્ડિયા ઇન્વેસ્ટમેન્ટ કું. એ સામાજિક ક્ષેત્રે પદાર્પણ કર્યું છે.

બંને ઉદ્યોગ સાહસિકોની સિદ્ધિ સમાજ તરફથી બિરદાવવામાં પણ આવી છે. તેમણે ઘણા એવોર્ડ પણ મેળવ્યા છે. નીરજભાઇ સેબી એડવાઇઝરી કમિટિ (મ્યુચ્યુઅલ ફંડ)ના સભ્ય છે. સાથે શહેરની જાણીતી સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા છે તો જિજ્ઞેશભાઇ પણ નવસારીના 'અનાવિલ રત્ન' છે. તેઓ પણ ઘણી સ્થાનિક સંસ્થાઓ સાથે જોડાયેલા છે. આટઆટલો બિઝનેસ સ્થાપિત થવા પાછળ બંને મિત્રોએ બિઝનેસ એથિક્સ, હ્યુમન વેલ્યુઝ, હાર્ડ વર્ક અને સિમ્પ્લીસિટી અપનાવ્યા છે. આ જ તેમની ખાસિયતે તેમને નામ સાથે દામ પણ કમાવી આપ્યા છે.

